# નગરમાં પરિપક્વ વૃક્ષોને ઉધઈનો અજગરી ભરડો

**ઘટાટોપ વૃક્ષોની દયનીય સ્થિતિ : નવા છોડ રોપવાં કરતાં હયાત વૃક્ષોની માવજત અનિવાર્ય બની, ઉધઈથી વૃક્ષો ખોખલા થયા**


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૨૩

હરીયાળા પાટનગરના આન, બાન અને શાન સમા વૃક્ષો કપરી સ્થિતિમાં આવી ગયા છે. ઘટાટોપ અને પુર્ણ પરિપક્વ બનેલા વૃક્ષોને ઉધઈ નામનો અજગરી ભરડો ભીંસી રહ્યો છે. નગરમાં દર દસ વૃક્ષે એક વૃક્ષ ઉપર ઉધઈ લાગેલી જોવા મળી રહી છે. આ ઉધઈથી મજબૂત અને ઘટાટોપ વૃક્ષો ખોખલા બની રહ્યા છે અને ભારે વરસાદ અને વાવાઝોડામાં ધરાશાયી થવાના સંજોગો સર્જાયા છે. જેથી હયાત આ વૃક્ષોની માવજત સત્વરે થાય તેવી વૃક્ષપ્રેમીજનોની માંગ છે.

ગાંધીનગરમાં આવેલો તમામ રહેણાંક અને બિન રહેણાંક વિસ્તાર વૃક્ષોથી શોભી રહ્યો છે. માનવજીવને ઓક્સીજન પુરૂ પાડતા વૃક્ષોની હાલત નગરમાં દયનિય બની ગઈ છે. નગરનો પ્રત્યેક નાગરીક લીલા છમ્મ વૃક્ષોના સહેવાસનો આદી બન્યો છે અને આ વૃક્ષો પણ માનવજીવનમાં અનિવાર્ય અંગ બન્યા છે. નગરમાં આવેલા વિવિધ જાતના વૃક્ષો પૈકી મોટાભાગના પરિપક્વ અને ઘટાટોપ વૃક્ષોને ઉધઈનો અજગરી ભરડો લાગ્યો છે. આ વૃક્ષોના મુળમાં જ ઉધઈ પ્રસરી છેક ઉપર સુધી

● અનુસંધાન પાન-૭ પર

# કેપિટલ સ્ટેશનનું આધુનિકરણ કરવા ગતિવિધિ

**મુંબઈના અધિકારીઓની ટીમ મુલાકાતે આવી : સ્ટેશન વિસ્તારમાં શોપિંગ મોલ ગેસ્ટ હાઉસ સહિતની સુવિધાઓ ઉભી કરાશે**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર રેલ્વે સ્ટેશનને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. થોડા દિવસો અગાઉ જ મુંબઈના અધિકારીઓની ટીમે કેપીટલ સ્ટેશનની મુલાકાત લીધી હતી.આ દરમિયાન સ્ટેશન વિસ્તારમાં જરૂરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.સ્ટેશન વિસ્તારમાં શોપિંગ મોલ ગેસ્ટ હાઉસ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

કેપિટલ રેલ્વે સ્ટેશનન વિકાસ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.જયારે દાયકાઓના અંતે સ્ટેશન પર ટ્રેઈનોનો ધમધમાટ જોવા મળે છે. હાલની સ્થિતિએ રોજ ચાર ટ્રેઈનની અવર જવર થાય છે.રેલ યાત્રિકોને મુંબઈ દિલ્હી અને ઈન્દોર સહિતની ટ્રેઈન સ્ટેશન પરથી ઉપલબ્ધ થાય છે.જયારે નગરજનોને વધુ ટ્રેઈન સેવા પુરી પાડવા સ્થાનિક અગ્રણીઓ દ્વારા પ્રબળ માંગ કરવામાં આવી રહી છે.દાયકાઓના અંતે પણ કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવાની માંગણી સંતોષાતી નથી રેલ બજેટમાં પણ કેપિટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેવામાં આવે છે.જેના પરિણામે નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે.બીજીતરફ કેપિટલ સ્ટેશનનું આધુનિકરણ કરવા પણ હીલચાલ હાથ ધરવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે.આ મામલે થોડા દિવસ અગાઉ મુંબઈ રેલ્વેના અધિકારીઓની ટીમે ગાંધીનગર રેલ્વે સ્ટેશનની મુલાકાત લીધી હતી.આ દરમિયાન જરૂરી સ્થળ નિરિક્ષણ કરીને સર્વે પણ કર્યો હતો.જેના અંતે કેપિટલ સ્ટેશનનું આધુનિકરણ કરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હોવાનું પણ ધ્યાને આવ્યુ છે. કેપિટલ સ્ટેશનના વિસ્તારમાં શોપિંગ મોલ ગેસ્ટ હાઉસ સહિતની સુવિધાઓ ઉભી કરવા વિચારણા હાથ ધરવામાં આવી હોવાનુ મનાઈ રહયું છે.વાતાનુકુલિત સુવિધા ઉભી કરી ખાનગી ધોરણે સેવા પુરી પાડવા પણ આયોજન થઈ રહયું હોવાનું માનવામાં આવી રહયું છે.



# શહેરમાં બે બાળનગરી

**ચ-૩ ના મેદાનમાં પણ તૈયારીઓ શરૂ : ગૌરી વ્રત સહિત તહેવારના દિવસોમાં બાળનગરી આર્કષણનું કેન્દ્ર બને છે**




(તસવીર : કશ્યપ નિમાવત)



ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં આ વખતે બે સ્થળોએ બાલનગરીનું આયોજન કરવામાં આવશે. શહેરના ચ-૩ મેદાનમાં પણ બાળમેળાનું આયોજન કરવામાં આવ્યુ છે. જયારે દરવર્ષની જેમ સે-૬ ના મેદાનમાં પણ બાળનગરી યોજાશે.વરસાદી ઋતુમાં ગૌરીવ્રતની ઉજવણી થતી હોવાથી ખાસ કરીને આ સમય ગાળામાં બાળમેળાનું વિશેષ રૂપે આયોજન થતુ હોય છે. જયારે આગામી તહેવારની સિઝનને ધ્યાને લઈ અત્યારથી જ બાળનગરી આયોજકોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરના ચ-૩ મેદાનમાં બાળનગરીના આયોજન માટે કામ શરૂ કરી દેવાયું છે.

આ ઉપરાંત સે-૬ ના મેદાનમાં બાળમેળાને અનુલક્ષીને પણ કામગીરી શરૂ કરી દેવાઈ છે.ગૌરીવ્રતની ઉજવણી દરમિયાન બાળનગરીની વિવિધ રાઈડસમાં બેસવાનો વિશેષ ક્રેઝ હોય છે.ભુલકાઓ સહિત યુવાનો પણ આ રાઈડઝ માટે ક્રેઝી હોય છે.જેથી બાળનગરી નગરજનો માટે આર્કષણનું કેન્દ્ર બને છે. તેવામાં આ વખતે બે સ્થળોએ બાળનગરી યોજવામાં આવનાર હોવાથી નગરજનોનો ઉત્સાહ બેવડાશે.

વરસાદી દિવસો હોવાછતાં બાળનગરીમાં વિશેષ ભીડભાડ જોવા મળે છે.તહેવારના દિવસોમાં સે ૨૮ ના બાલોદ્યાનની સાથે બાળનગરીમાં આનંદ પ્રમોદ માટે નગરજનોની ભીડ જોવા મળશે.

# શહેરના વાણિજ્ય સંકુલો સામે હવે ગુનો દાખલ કરાશે

**પરમીશન લેતી વખતે બેઝમેન્ટને પાર્કીંગ બતાવ્યા બાદ હવે ગોડાઉન બનાવી દેતા સરકાર સાથે છેતરપીંડીનો ગુનો પોલીસ દાખલ કરશે**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સે-૧૧, સે-૧૭/૨૨ સહીતના કોમર્શીયલ કોમ્પ્લેક્ષોમાં પાર્કીંગની સમસ્યા વિકટ બની છે ત્યારે એએસપીએ તમામને પાર્કીંગ વ્યવસ્થા શરુ કરવા નોટીસ આપ્યા બાદ પણ તેમના પેટનું પાણી હલ્યું નથી. આ ગંભીર બાબતને ધ્યાને લઈ ગાંધીનગર એસ.પી. પણ કોમ્પ્લેક્ષ સંચાલકો ને નોટીસ આપશે. જો ત્યાર બાદ પણ પાર્કીંગ ની વ્યવસ્થા શરુ કરવામાં નહી આવે તો સરકાર સાથે છેતરપીંડી કર્યા અંતર્ગત તેમની સામે ગુનો દાખલ કરી ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે તેમ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

કોમર્શીયલ કોમ્પ્લેક્ષના સંચાલકો દ્વારા કોમ્પ્લેક્ષોના બી.યુ. પરમીશન લેતી વખતે બેઝમેન્ટમાં પાર્કીંગ પ્લેસ બનાવવામાં આવ્યું હતું. પરંતુ સમય જતાં આ જગ્યાની કિંમત કરોડને આંબી જતાં પાર્કીંગ પ્લેસ બંધ કરી તેના ગોડાઉનો બનાવી દેવાતા ઘણા સમયથી આ વિસ્તારોમાં પાર્કીંગની ભયંકર તકલીફો પડવા પામી છે. આ કારણોસર દર આંતરે દિવસે કોમ્પ્લેક્ષો બહાર ચક્કાજામની સ્થિતિ સર્જાતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. પાર્કીંગ વ્યવસ્થા કરવા એએસપીએ સંચાલકોને નોટીસ આપ્યા બાદ કોઈ જવાબ ન મળતા કલેકટરને પણ પત્ર લખી સીલ મારવા સુચન કર્યું હતું. જો કે તે દિશામાં પણ કોઈ કાર્યવાહી થવા પામી નથી. હવે કોમ્પ્લેક્ષ સંચાલકોને સમય આપ્યા બાદ જો પાર્કીંગ વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે તો સંચાલકો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. પરમીશન સમયે પાર્કીંગ બતાવ્યા બાદ તેને ગોડાઉન બનાવી દઈ સરકાર સાથે છેતરપીંડી કર્યા બદલ ગુનો નોંધાય તેવી શકયતા છે.

# ગ-માર્ગ પર ફુટપાથની ટાઈલ્સ ખખડે છે : નાગરિકોમાં રોષ

ગાંધીનગર, તા.૨૩

શહેરના ગ માર્ગ પર ૬ મહિના અગાઉ નિર્માણ કરાયેલી ફુટપાથમાં ગાબડા પડી ગયા છે.ફુટપાથની ટાઈલ્સમાં પણ તિરાડો જોવા મળી રહી છે.સવારે મોર્નિંગ વોક કરવા જતા નાગરિકો ફુટપાથ પર ચાલતા વોક વે ની ટાઈલ્સો ખખડે છે. ટુંકા ગાળામાં જ ફુટપાથના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. ફુટપાથના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્રોશ સાથે સ્થાનિક રહિશોમાં પણ આ કામગીરી સંદર્ભે યોગ્ય તપાસ થાય તેવી માંગ ઉઠવા પામી છે. તંત્રના અધિકારીઓ પણ આ મામલે આંખ આડા કાન કરી રહયા હોવાનું મનાઈ રહયું છે.ત્યારે ફુટપાથ પાછળ કરોડોનું પાણી ઢોળ થતા ભ્રષ્ટ વહિવટને બેનકાબ કરવા પણ સુર ઉઠવા પામ્યા છે.

ગાંધીનગરમાં મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના અન્ય માર્ગો આસપાસ ફુટપાથનું નિર્માણ કરવામાં આવ્યુ છે. તબક્કાવાર હાથ ધરાયેલી ફુટપાથની કામગીરીના અંતે શહેરમાં અંદાજિત ૧૨૦ કીમી ના રસ્તાઓ આસપાસ ફુટપાથ નેટવર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. શહેરના મુખ્ય ધ અને ચ માર્ગ પર ફુટપાથ પ્રથમ તબક્કામાં ફુટપાથ બનાવવામાં આવી હતી. જેમાં ધ -૫ થી સરકીટ હાઉસ તરફના માર્ગ પર પ્રથમ ફુટપાથનું કામ હાથ ધરવામાં આવ્યુ હતું. જયારે તબક્કાવાર મોટાભાગના માર્ગો આસપાસ વોક વે બનાવી દેવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં ગાંધીનગરની બીબીએ કોલેજનો વિદ્યાર્થી નિખિલ ચૌહાણ ઝળકયો

**રાષ્ટ્રીયકક્ષાએ નવમું અને રાજયકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું : આર્થિક સંકડામણના કારણે અભ્યાસ સાથે લારી ચલાવતા નિખિલે અદભૂત કૌશલ્ય અન દ્રઢ સંકલ્પના બળે સિધ્ધિ હાંસલ કરી**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસની બીબીએ કોલેજના વિદ્યાર્થી નિખિલ ચૌહાણે આઈસીઆઈસીઆઈ સિકયુરીટીઝ દ્વારા આયોજિત સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન અને રાષ્ટ્રીય કક્ષાએ નવમું સ્થાન પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યું છે. નિખિલે ગુજરાતની ૬૫ કોલેજના પ્રતિ સ્પર્ધીઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.



એવું કહેવાય છે કે વિદ્યા અને સફળતાને કયારેય અમીરી ગરીબી જેવા ભેદભાવ નડતા નથી. જો વ્યકિતમાં જ્ઞાન અને કૌશલ્ય હોય તો તે વ્યકિત કોઈ પણ ક્ષેત્રમાં જવલંત સફળતાને વરે છે. જરૂર હોય છે માત્ર તે વ્યકિતના પુરૂષાર્થની. આવું જ ઉદાહરણ પુરું પાડયું છે સે-૨૪ના શાકમાર્કેટની સામે પ્લાસ્ટીક ઘરવખરી અને રમકડાંની લારી ચલાવવાની સાથે બીબીએ કોલેજમાં અભ્યાસ કરી રહેલા નિખિલ ચૌહાણે. કુટુંબની આર્થિક સંકડામણમાં મદદરૂપ થવા સવારે વિદ્યાર્થી બનીને જતો નિખિલ કોલેજ પુરી થતા જ વ્યવસાયી બની જાય છે. ગાંધીનગરના સેકટર-૨૪માં શાકમાર્કેટની સામે એક લારીમાં રમકડાં અને પ્લાસ્ટીકની ઘરવપરાશની ચીજવસ્તુઓ વેચી અર્થોપાર્જન કરે છે. કોલેજમાં શિસ્ત અને ખંતથી અભ્યાસ કરે છે. અને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાના કૌશલ્યને ખિલવતો રહે છે.

આઈસીઆઈસીઆઈ સિકયુરીટીઝ દ્વારા દેશભરની કોલેજમાં ફાયનાન્શિયલ ક્ષેત્રે પ્રતિભાઓની શોધ કરવા 'સ્ટોક માઈન્ડ' નામની સ્પર્ધા લેવામાં આવે છે. આ સ્પર્ધામાં ભાગ લેનારે ઓનલાઈન સોફટવેર દ્વારા શેર માર્કેટમાં ટ્રેડીંગ કરી તેમનું કૌશલ્ય દર્શાવવાનું હોય છે. જેના માટે રીસર્ચ અને વિશ્લેષણોનું ખુબ મહત્વ રહેલું હોય છે. ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ બીબીએ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરાય છે. સ્ટોક માઈન્ડ સ્પર્ધામાં કોલેજના ૧૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નિખિલ ચૌહાણે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આથી તેની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. કુલ ૬૫ કોલેજના પ્રતિસ્પર્ધીઓમાં નિખિલ ચૌહાણે અદભુત પ્રદર્શન કરતા

● અનુસંધાન પાન-૭ પર

# અન્ડર એજ વાહન ચાલક વિરૂદ્ધ પોલીસનો સપાટો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના શૈક્ષણિક સંકુલોની આસપાસ વ્યાપેલા અન્ડર એજ ડ્રાઈવીંગના દૂષણને ડામવા આજે પોલીસે સપાટો બોલાવ્યો હતો. સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસની આસપાસથી પોલીસે કડક પગલાં ભરતાં લાયસન્સ વગર કાચી ઉંમરે વાહન ચલાવતા બાળકોને ઝડપી કુલ ૧૮ ટુ-વ્હીલર્સ જપ્ત કર્યા હતા. પોલીસની દંડનાત્મક કાર્યવાહીથી ફફડી ઉઠેલા વાલીઓ પોલીસ સ્ટેશને ધસી જતાં પોલીસે તેમને પણ ભારે ઠપકો આપી ફરીવાર લાયસન્સવગર બાળકને વાહન ચલાવવા નહી આપવા તાકીદ કરી હતી.


(તસવીર : કશ્યપ નિમાવત)

સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન દ્વારા એએસપીની સૂચનાથી હાથ ધરાયેલ કાર્યવાહીના ભાગરૂપે આજે કડી સંકુલની આસપાસ પોલીસે લાયસન્સ વગર સ્કૂટર-બાઈક ચાલક બાળકો વિરૂદ્ધ અભિયાન હાથ ધર્યુ હતુ. આ પ્રક્રિયા દરમ્યાન પોલીસે કુલ ૧૮ વાહનો ડીટેઈન કર્યા હતા અને કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસ કાર્યવાહીથી ફફડી ઉઠેલા બાળકોના વાલીઓ સીધા સેક્ટર-૨૧ પોલીસમથકે ધસી ગયા હતા જ્યાં તેમને કાચી ઉંમરના બાળકોને લાયસન્સ વગર જ વાહન આપી દેવા બાબતે ભારે ઠપકો સંભળાવવામાં આવ્યો હતો. એટલું જ નહી પરંતુ ભવિષ્યમાં આ પ્રકારની ભુલ બીજીવાર નહી કરવા તાકીદ પણ કરવામાં આવી હતી. પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર અન્ડર એજ ડ્રાઈવીંગના દૂષણને નાથવા હાથ ધરાયેલ આ કાર્યવાહીને પોલીસ જ્યાં સુધી આ દૂષણ શહેરમાંથી નાબુદ નહી થાય ત્યાં સુધી ચાલુ રાખશે અને હજુ નગરના અન્ય શૈક્ષણિક સંકુલો પર પણ કાર્યવાહી હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે 'ગાંધીનગર સમાચાર'માં તા. ૧૯મી જૂનના અંકમાં નગરમાં અન્ડર એજ ડ્રાઈવીંગના દૂષણ અંગે વિસ્તૃત અહેવાલ છાપવામાં આવ્યો હતો જેની હકારાત્મક અસર આજે જોવા મળી હતી.

**કડી સર્વ વિદ્યાલય સંકુલ ફરતે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી : પોલીસ સ્ટેશને ધસી ગયેલા વાલીઓને પોલીસે ઠપકો આપ્યો : હજુ કાર્યવાહી ચાલુ રહેશે અને નગરના અન્ય શૈક્ષણિક સંકુલો પણ ઝપટમાં લેવાશે**

## વાલીઓએ 'વટ' પાડવાનો મોહ ત્યાગવો જરૂરી

આજે પોલીસની કડક કાર્યવાહિથી ફફડી ઉઠેલા વાલીઓએ હજુ પણ જાતે સમયસર ચેતી જવાની જરૂર છે. તરૂણાવસ્થાના બાળકો ખૂબ ચંચળ અને મસ્તીખોર સ્વભાવ ધરાવતા હોય છે તેમજ તેમના માનસ પર ફિલ્મો વગેરેની ભારે અસર છવાયેલી હોય છે. આ કિશોરો છોકરીઓ પર 'રોલો' પાડી દેવાની હોડમાં જીવ સટોસટના સ્ટંટ કરતા અચકાતાં નથી જેના કારણે શાળા છુટવાના કે ચાલુ થવાના અથવા રિશેષના સમયે ભીડમાં પોતાના કરતબ-કૌશલ્યનું પ્રદર્શન કરે છે અને પોતાની સાથે અન્યો માટે પણ ખતરો ઉભો કરે છે. મિત્રો સાથે મસ્તીએ ચઢેલા બાળકો ત્રણ થી ચાર સવારી સ્કૂટર કે બાઈક ચલાવતા અટકતા નથી અને ઓવર સ્પીડીંગ જેવી ભૂલો સહજતાથી કરે છે. વાલીઓએ પોતે સમાજમાં 'વટ' પાડવાનો મોહ છોડી બાળકને સમજણ સાથે સાચી જવાબદારીનું ભાન કરાવી લાયસન્સ ના આવે ત્યાં સુધી વાહન ચલાવવાથી દૂર રાખવા જોઈએ તે બાળકો માટે હિતકારક સાબિત થશે.

# મુખ્યમંત્રીની મુલાકાતે ૨૦૧૪ની બેચના ૧૦ તાલીમી આઈએએસ અધિકારીઓ

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે ૨૦૧૪ની બેચના ભારતીય સનદી સેવા (આઈએએસ)ના ૧૦ તાલીમી અધિકારીઓએ ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી.



ગુજરાત કેડરમાં ફાળવાયેલા આ તાલીમી આઈએએસ અધિકારીઓ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં હાલ વહીવટી-સેવાકીય તાલીમ માટે જોડાયેલા છે.

સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન-સ્પીપાનો તેમનો તાલીમ સમયગાળો પૂર્ણ થતાં તેઓએ મુખ્યમંત્રીશ્રીની મુલાકાત લીધી હતી.

શ્રીમતી આનંદીબહેને આ તાલીમી સનદી અધિકારીઓને રાજ્ય સેવામાં ઉત્કૃષ્ટ પ્રદાનની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન, સ્પીપાના મહાનિયામકશ્રી વિપુલ મિત્રા તથા નિયામકશ્રી સંજય અમરાણી આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com